મુંબઈ સમાચાર ૧
MUMBAI SAMACHAR
Regd. No. MCS/058/2015-17
ગુરુવાર, તા. ૧૪-૯-૨૦૧૭

લાડકી






### ઉંમરની અડધી સદીના આરે ઊભેલી વિકલાંગ વર્લ્ડ નંબર વન બેડ્મિન્ટન ખેલાડી પારુલ પરમારને જીતવો છે ઓલિમ્પિક્સ મેડલ

# ટાર્ગેટ ટોક્યો

કવર સ્ટોરી
અજય મોતીવાલા
ajay.motiwala@bombaysamachar.com

ગાંધીનગરમાં રહેતાં શારીરિક રીતે અક્ષમ ૪૭ વર્ષીય પારુલ પરમાર બૅડ્મિન્ટનની એશિયન અને વિશ્વ સ્પર્ધાઓમાં ભારત વતી ઇતિહાસ રચી ચૂક્યાં છે અને હૅન્ડિકૅપ્ડ ઍથ્લેટો માટેની પૅરા-બૅડ્મિન્ટનમાં ત્રણ વખત વર્લ્ડ ચૅમ્પિયન પણ બન્યાં છે એમ છતાં તે નિરાશ છે. ભારત વતી ૩૦ ઇન્ટરનેશનલ મેડલ જીતનારાં આ પ્લેયરને એક અફસોસ એ છે કે તેમને ઑલિમ્પિક્સમાં ચંદ્રક જીતવાની તક હજી સુધી નથી મળી.

ગયા વર્ષે રિયો ઑલિમ્પિક્સમાં તેમણે બૅડ્મિન્ટનમાં પી. વી. સિંધુને સિલ્વર મેડલ અને કુસ્તીમાં સાક્ષી મલિકને બ્રૉન્ઝ મેડલ જીતતી જોઈ હતી તેમ જ જિમ્નૅસ્ટિક્સમાં દીપા કરમાકરનો ઉત્કૃષ્ટ પર્ફોર્મન્સ પણ માણ્યો હતો. જોકે, આ બધું ટીવી પર જોતી વખતે તેમને અફસોસ એ હતો કે કાશ! પોતે પણ હૅન્ડિકૅપ્ડ ઍથ્લેટો માટેની ઑલિમ્પિક્સમાં જઈ શક્યાં હોત. આ રમતોત્સવ પછી શારીરિક રીતે અક્ષમ ઍથ્લેટો માટેની જે પૅરાલિમ્પિક્સ યોજાઈ હતી એને પણ પારુલે ઘેરબેઠાં જ માણી હતી. એમાં તેમણે ઊંચા કૂદકાની હરીફાઈમાં મરિયપ્પન થાંગાવેલુને અને વરુણસિંહ ભાટીને અનુક્રમે ગોલ્ડ અને બ્રૉન્ઝ મેડલ જીતતાં જોયાં હતાં તો દેવેન્દ્ર ઝાઝરિયાને ભાલા ફેંકમાં સુવર્ણચંદ્રક અને મહિલાઓની ગોળા ફેંકમાં દીપા મલિકને સિલ્વર મેડલ જીતતાં જોયાં હતાં. ભારતને મળેલી આ સિદ્ધિઓથી પારુલને આનંદ તો ઘણો થયો હતો, પરંતુ પોતાને પણ મેડલ જીતવાનો મોકો મળ્યો હોત તો કેવું સારું થાત એવો વિચાર સતત તેમના મનમાં આવ્યા કરતો હતો.

કારણ એ છે કે બૅડ્મિન્ટનની સ્પર્ધા રિયો પૅરાલિમ્પિક્સમાં રાખવામાં જ નહોતી આવી. જોકે, હવે ૨૦૨૦માં જાપાનના પાટનગર ટોક્યોમાં યોજાનારી પૅરાલિમ્પિક્સમાં બૅડ્મિન્ટનનો પહેલી વાર સમાવેશ થવાનો છે એટલે પારુલ ઉત્સાહિત છે. તેઓ એક મુલાકાતમાં કહે છે, ‘મેં આંતરરાષ્ટ્રીય સ્તરે ઘણા ચંદ્રકો મેળવ્યા છે, પણ ઑલિમ્પિક્સનો મેડલ ન મળે ત્યાં સુધી અધૂરું જ કહેવાય. પોતાની કાબેલિયત, ટૅલન્ટ અને તાકાત પુરવાર કરવા ઍથ્લેટો અને પ્લેયરો માટેનો આ સૌથી મોટો મંચ કહેવાય. આ સૌથી પ્રતિષ્ઠિત રમતોત્સવનું મેડલ જીતવાનું દરેક ઍથ્લેટનું સપનું હોય છે. મારું પણ છે. હું ૪૭ વર્ષની થઈ ગઈ છું. ઉંમર થોડી મોટી તો કહેવાય અને ૨૦૨૦ના ટોક્યો રમતોત્સવ વખતે ૫૦ વર્ષની આસપાસ પહોંચી ગઈ હોઇશ. ત્યારે હું મારી રમતના મારા વર્ગમાં કદાચ સૌથી મોટી ઉંમરની ઍથ્લેટોમાં ગણાતી હોઈશ, પરંતુ મારી દૃષ્ટિએ હરીફાઈ જીતવા માટે ઉંમરનો કોઈ બાધ ન હોય. હું મોટી ઉંમરને અવરોધ પણ નથી માનતી. મને તો મેડલ વિજેતાઓ માટેનો મંચ જ દેખાય છે. મારે એ મંચ પર પહોંચવું જ છે.’

અર્જુન પુરસ્કાર જીતી ચૂકેલાં પારુલ પરમાર પૅરા-બૅડ્મિન્ટનમાં પોતાના વર્ગમાં વર્લ્ડ નંબર વન છે. તેઓ ટોક્યો પૅરાલિમ્પિક્સને લક્ષમાં રાખીને અત્યારથી તાલીમ લે છે. તેઓ કહે છે, ‘હું દર વખતની જેમ અત્યારે પ્રૅક્ટિસમાં અથાક પરિશ્રમ કરું છું. હું મારો પ્રથમ આંતરરાષ્ટ્રીય ગોલ્ડ મેડલ ૩૨ વર્ષની ઉંમરે જીતી હતી. ત્યાર પછી મેં ક્યારેય પાછળ વળીને નથી જોયું. હું પૅરા ઍથ્લેટ તરીકે ૨૦ ગોલ્ડ, ૬ સિલ્વર અને ૪ બ્રૉન્ઝ જીતી ચૂકી છું. જોકે, આ બધામાં ઑલિમ્પિક્સનો ચંદ્રક ખૂટે છે. આ ૩૦ ચંદ્રકોને હું મૉટિવેશન ગણીને ઑલિમ્પિક્સમાં મોખરાના ત્રણ સ્થાનમાં આવવા માગું છું. હું ઑલિમ્પિક્સમાં ભારત માટે મેડલ જીતવા મક્કમ છું.’

ઑલિમ્પિક ગેમ્સનો ચંદ્રક જીતવા ઉપરાંત પારુલનું બીજું પણ એક સપનું છે. તેઓ થોડા સમયમાં શારીરિક રીતે અક્ષમ ઍથ્લેટો માટે ઍકેડેમી શરૂ કરવા માગે છે. તેઓ કહે છે, ‘તાલીમ મેળવવા મેં જે મુશ્કેલીઓનો સામનો કર્યો હતો એવું મારા જેવા ઍથ્લેટોએ ન કરવો પડે એ હેતુથી હું તેમને મારી ઍકેડેમીમાં ટ્રેઇનિંગ અપાવવા માગું છું.’

પારુલ પોતાની ભવ્ય કરિયર માટેનો જશ તેમના પિતાને અને કોચ સુરેન્દ્ર પરીખને આપે છે. તેમણે પારુલને સતતપણે ઉત્સાહિત કર્યા હતા અને પર્ફોર્મન્સ સુધારવા તેમ જ સ્પર્ધાઓમાં ભાગ લેવા સંબંધમાં સપોર્ટ આપ્યો હતો.

પારુલને નાનપણથી પગમાં પોલિયોની બીમારી છે. તેઓ ત્રણ વર્ષનાં હતાં ત્યારે તેમના જમણા પગમાં પોલિયો થયો હતો. થોડા મહિના પછી તેઓ પડી જતાં તેમને પોલિયોવાળા પગમાં જ ફ્રેક્ચર થયું હતું. તેમણે પગને સીધો કરાવવા બે ઑપરેશનો કરાવવા પડ્યા હતા. આને કારણે તેમની શારીરિક ક્ષમતા નબળી પડી હતી, પરંતુ

(જુઓ પાનું ૭) ▸▸